સંક્ષિપ્ત સમાચાર

વાપીમાં PMAY ૨.૦ અંતર્ગત બલીઠામાં નવી આવાસ યોજના જાહેર

વાપી : વાપી મહાનગરપાલિકા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ૨.૦ હેઠળ શહેરના બલીઠા વિસ્તારમાં EWS-1 પ્રકારના નવા આવાસ પ્રોજેક્ટની જાહેરાત કરવામાં આવી છે. આ પ્રોજેક્ટમાં અંદાજે 35 ચોરસ મીટર કાર્પેટ એરિયા ધરાવતા (1 BHK) સુવિધાયુક્ત આવાસોનું નિર્માણ થશે, જેની મહત્તમ કિંમત 7,00,000 નક્કી કરવામાં આવી છે. આ યોજનાનો લાભ એવા પરિણીત અરજદારો લઈ શકશે જેમના નામે દેશમાં ક્યાંય પાકું ઘર નથી અને જેમની વાર્ષિક આવક 3,00,000 થી ઓછી છે. મનપા દ્વારા જણાવ્યા પ્રમાણે રસ ધરાવતા લાભાર્થીઓએ અરજી સાથે 7,500 નો ડિમાન્ડ ડ્રાફ્ટ 'Axis Bank, Chala Vapi' ખાતે જમા કરાવવાનો રહેશે. નાગરિકોની સુવિધા માટે ઓનલાઈન અરજીની વ્યવસ્થા પણ ઉપલબ્ધ છે, જેમાં સત્તાવાર QR-Code સ્કેન કરીને ઘરે બેઠા ફોર્મ ભરી શકાશે. વધુ માહિતી માટે અરજદારોએ વાપી મહાનગરપાલિકાની ચલા ઝોન કચેરી (પ્રથમ માળ) ખાતે રૂબરૂ સંપર્ક કરવાનો રહેશે.

ચીખલી કોલેજનો વિદ્યાર્થી રસ્સા ખેંચમાં રાષ્ટ્રીય કક્ષાએ ઝળક્યો

ઘેજ : ચીખલીની શ્રી એમ.આર.દેસાઇ આર્ટ્સ એન્ડ ઇ.ઇ.એલ.કે. કોમર્સ કોલેજનો એમ.એ સેમેસ્ટર-૪ નો વિદ્યાર્થી કૃણાલ એમ. ઝાલાની વીર નર્મદ દ.ગુ.યુનિ. સુરતની રસ્સાખેંચ ભાઈઓની ટીમમાં પસંદગી થઇ છે. કાલીકટ યુનિવર્સિટી ખાતે યોજાનારી ઓલ ઈન્ડિયા ઇન્ટર યુનિવર્સિટી રસ્સા ખેંચ ભાઈઓની સ્પર્ધા ૨૦૨૫-૨૬ માં ભાગ લેવા જનારી વીર નર્મદ દ.ગુ.યુનિ.સુરતની રસ્સા ખેંચ ભાઈઓની ટીમનું સિલેક્શન બારડોલી કોલેજ ખાતે થયું હતું. જેમાં ૪૦ ખેલાડીઓએ ભાગ લીધો હતો. કૃણાલ ઝાલાની ઉત્કુસ્ટ રમતને જોતા યુનિ.ના સિલેક્ટરોએ તેમની પસંદગી ૧૨-ખેલાડીની વીર નર્મદ દ.ગુ.યુનિ. સુરતની રસ્સાખેંચ ટીમમાં કરી છે. વધુમાં ચીખલી કોલેજની રસ્સાખેંચ ભાઈઓની ટીમ વીર નર્મદ દ.ગુ. યુનિ. ઇન્ટર કોલેજ સ્પર્ધામાં સેમી ફાઇનલમાં પ્રવેશ કરી વર્ષ ૨૦૨૬-૨૭ માટે સીડીંગ મેળવી સીધી ક્વાટર ફાઇનલ રાઉન્ડથી સ્પર્ધાની શરૂઆત કરશે. જેઓને તાલીમ અને માર્ગદર્શન ચીખલી કોલેજનાં શા.શિ.ના આસિ.પ્રોફેસર ડો. જયમલ એસ.નાયકે પુરું પાડેલું હતું. આ સિદ્ધી અને સાફલ્ય બદલ સંસ્થાના ચેરમેન અને મેનેજીંગ ટ્રસ્ટી દર્શન દેસાઇ, સેક્રેટરી સોનલ દેસાઇ, કોલેજનાં આચાર્યા ડો. ફાલ્ગુની દેસાઇ, ઉપાચાર્ય ડો. મુકેશ પટેલ અને સમગ્ર કોલેજ સ્ટાફે કૃણાલ ઝાલાને અભિનંદન આપી શુભેચ્છા પાઠવી છે.

પલસાણાની આંબાવાડીના મકાનમાં એકલા રહેતા આધેડનું મોત

પારડી : પારડી તાલુકાના પલસણા ગામે નાયકીવાડ વિસ્તારમાં આવેલી આંબાવાડીના મકાનમાં એક વ્યક્તિનું અચાનક મોત થતા વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. મૃતકની ઓળખ ભવરભાઈ મોહનભાઈ પુરોહિત (ઉમર ૪૯) તરીકે થઈ છે, જેઓ મૂળ રેટલાવ તળાવ ફળીયા, પારડી તાલુકાના રહેવાસી હતા અને છેલ્લા દસેક વર્ષથી પલસાણા ખાતે એકલા રહેતા હતા. મળતી માહિતી મુજબ, ભવરભાઈના મિત્ર દ્વારા તેમના પુત્રને ફોન કરી તબિયત ખરાબ હોવાની અને લોહીની ઉલ્ટી થયાની જાણ કરવામાં આવી હતી. ત્યારબાદ પુત્ર તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યો ત્યાં પહોંચતા ભવરભાઈ પલંગ પર મૃત હાલતમાં મળ્યા હતા અને તેમના મોઢા તેમજ નાકમાંથી લોહી નીકળેલું હતું. ઘટનાની જાણ થતા ૧૧૨ હેલ્પલાઇન મારફતે પોલીસ પણ સ્થળ પર પહોંચી કાર્યવાહી હાથ ધરી હતી.

ભાજપના 'નારી શક્તિ વંદન' અંતર્ગત ઉમરગામની મહિલાઓ સૌરાષ્ટ્રના પ્રવાસે

ઉમેશ સોલંકી

ઉમરગામ : ઉમરગામ તાલુકા ભાજપ સંગઠન દ્વારા નારી શક્તિ વંદન અંતર્ગત બહેનો માટે સૌરાષ્ટ્ર પ્રવાસ દર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. શુક્રવારે 50 થી વધુ બહેનો બસમાં બેસી પ્રવાસે જવા રવાના થઇ છે. ઉમરગામ તાલુકા ભાજપ પ્રમુખ ડો. નિરવ શાહ, મહામંત્રી સતિષ કારભારી તથા ભાજપ અગ્રણીઓ મણિલાલ પટેલ, પ્રકાશ પટેલ સહિત મહાનુભાવોની ઉપસ્થિતિમાં શ્રીફળ વધેરી બસને લીંલી ઝંડી આપી રવાના કરવામાં આવી હતી. ભાજપ પક્ષમાં મહિલાઓની સક્રિયતા વધારવા તથા સરકારની વિવિધ યોજનાઓની જાણકારીઓ મળી રહે તથા મહિલાઓને સાંસ્કૃતિક ધાર્મિક અને સામાજિક રીતે સશક્ત બનાવવાના હેતુથી નારી શક્તિ વંદન અંતર્ગત પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રવાસને લઈને બહેનોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

ડાંગ જિલ્લા પ્રાંત અધિકારીની બદલી, યુ.વી. પટેલ નવા પ્રાંત અધિકારી

સાપુતારા : આહવા ખાતે ફરજ બજાવતા પ્રાંત અધિકારી કાજલ આંબલીયાની બદલી કરવામાં આવી છે, જ્યારે તેમના સ્થાને ડાંગના જ ડિસ્ટ્રિક્ટ સપ્લાય ઓફિસર (DSO) યુ.વી. પટેલની નિમણૂક કરવામાં આવી છે. ડાંગના પ્રાંત અધિકારી કાજલ આંબલીયાની અન્યત્ર બદલીના આદેશો છૂટતા સ્થાનિક વહીવટી આલમમાં ગરમાવો જોવા મળ્યો છે. કાજલ આંબલીયાએ મહેસૂલી પ્રશ્નો અને આદિવાસી વિસ્તારના વહીવટી કાર્યોમાં સક્રિય ભૂમિકા ભજવી હતી. તેમના સ્થાને પુરવઠા વિભાગમાં ડિસ્ટ્રિક્ટ સપ્લાય ઓફિસર યુ.વી. પટેલને આહવા પ્રાંત અધિકારી તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે. પ્રાંત અધિકારી તરીકે હવે તેમની સામે મહેસૂલી કામગીરી, ચૂંટણીલક્ષી તૈયારીઓ, લોક પ્રશ્નો વગેરે મુદ્દાઓ જોવા મળી રહ્યા છે. સામાન્ય રીતે રાજ્ય સરકાર દ્વારા વહીવટી સુધારો અને કાર્યક્ષમતા વધારવા માટે નિયમિત અંતરે આવી બદલીઓ કરવામાં આવતી હોય છે. નવા પ્રાંત અધિકારી યુ.વી. પટેલ આગામી દિવસોમાં પોતાનો ચાર્જ સંભાળી લેશે.

દમણ પોલીસે છેતરપિંડીના ગુનાના 2 આરોપીઓની ધરપકડ કરી

દમણ : દમણમાં બે ગઠીયાએ યુવાનને બેંકની બહાર રૂપિયા જમા કરાવવાની મદદ કરી તેના પગારના રૂપિયા આપે તો તેને ઈનામ રૂપે રૂપિયા 20 હજાર મળશે તેવી લોભામણી લાલચ આપી તેને કાપડની થેલીમાં કાગળના પૂઠા પધરાવી છેતરપિંડી કરનારા 2 આરોપીઓને દમણ પોલીસે ધરપકડ કરી છે. પોલીસ પાસેથી મળેલી માહિતી પ્રમાણે, 30 ઓક્ટોબર-25 ના રોજ શ્રીકાંત પચિમ દીપ પગારના રૂપિયા 6,800 લઈને તેની ચાલી તરફ જઈ રહ્યો હતો. ત્યારે કડૈયાની બેંક ઓફ બરોડો નજીક બે ઈસમોએ તેનો સંપર્ક કરી જણાવ્યું કે, તેમની પાસે રોકડા રૂપિયા 1.70 લાખ છે. જે બેંકમાં જમા કરાવવાના છે. જો પૈસા જમા કરાવવાની મદદ કરે તો તેને ઈનામ રૂપે 20 હજાર રોકડા આપવાની લાલચ આપતા ફરિયાદીએ વાતમાં ભોળવાયને તેના પગારના રૂપિયા 6,800 આપી દીધા હતા. જ્યાં એક શખ્સે ફરિયાદીના પૈસાને એક બોક્સમાં મુકી તેને કાપડની થેલીમાં લપેટીને પરત ફરિયાદીને થેલી આપી હતી. સાથે સુરક્ષા પેટે ફરીયાદીનો મોબાઈલ ફોન તેમની પાસે રાખ્યો હતો. જ્યારે ફરિયાદી પરત તેની ચાલના રૂમ પર ગયો ત્યારે તેણે થેલી ખોલતા અંદરથી ચલણી નોટના બદલે પુઠાના ટૂકડાઓ જોવા મળ્યા હતા. પોતે છેતરાયો હોવાનું જણાતા કડૈયા પોલીસ મથકે તેની સાથે છેતરપિંડી થઈ હોવાની ફરિયાદ દાખલ કરાવતા પોલીસે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરતા 2 આરોપીઓ રાજુ સિપાહી શાહ (ઉ. 48, રહે. કેવલે રોડ, દહાણુ) તથા રઘુનાથ ઘનગર દત્તા (ઉ. 27, રહે. નવીનગરી, ઉમરગામ) ની ધરપકડ કરી જેલમાં ધકેલી દીધા છે.

સર્પગંગામાં જોખમી નૌકા વિહાર

બોટમાં ઊભા રહી સેલ્ફી લેતાં પ્રવાસીઓનો વિડીયો વાયરલ

સાપુતારામાં બોટિંગ સંચાલકો બેફામ, હરણી બોટ દુર્ઘટના બાદ પણ કોઈ પાઠ નહીં

ગિરીશ ભોયે

સાપુતારાઃ ડાંગ જિલ્લાના આકર્ષક પર્યટન સ્થળ સાપુતારાના સર્પગંગા તળાવમાં ફરી એકવાર ગંભીર બેદરકારીના દૃશ્યો સામે આવતા ચિંતાનો માહોલ ઊભો થયો છે. સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા તાજા વિડીયો સ્પષ્ટ રીતે દર્શાવે છે કે અહીં સુરક્ષાનાં નિયમો માત્ર કાગળ પર જ છે. વિડીયોમાં પ્રવાસીઓ તળાવની વચ્ચે બોટમાં ઊભા રહી સેલ્ફી લેતા, હસતા-મજાક કરતાં નજરે પડે છે, તો એક નાનકડું બાળક બોટમાં ડાન્સ કરતું જોવા મળે છે. આ બધું એટલું બેધડક રીતે ચાલે છે કે જાણે કોઈને કોઈ ભય જ નથી! સૌથી ચોંકાવનારી બાબત એ છે કે સ્થળ પર કોઈ દેખરેખ, કોઈ માર્ગદર્શન કે કોઈ જવાબદાર વ્યક્તિ નજરે પડતો નથી. આ પહેલી વાર નથી. અગાઉ પણ આવા જ જોખમી દૃશ્યો વાયરલ થયા હતા, પરંતુ તંત્રની નિષ્ક્રિયતા અને બોટ સંચાલકોની મનમાની સામે કોઈ કડક કાર્યવાહી ન થતાં હાલત યથાવત છે. પ્રશ્ન એ છે કે શું તંત્ર કોઈ મોટી દુર્ઘટનાની રાહ જોઈ રહ્યું છે? વડોદરાના હરણી તળાવમાં બનેલી કરૂણ દુર્ઘટનાએ સમગ્ર રાજ્યને ઝંઝોળી નાખ્યું હતું, છતા સાપુતારામાં કોઈ જાગૃતિ કે જવાબદારીનો અણસાર નથી. અહીં બોટિંગ સંચાલકો નિયમોનું ખુલ્લેઆમ ઉલ્લંઘન કરી રહ્યા છે અને પ્રવાસીઓ પણ બેફિકર બની જીવ જોખમમાં મૂકી રહ્યા છે.

માર્ગદર્શિકાને ધોળીને પી જનાર બોટ સંચાલકો સામે કાર્યવાહી જરૂરી

સ્થાનિક લોકો અને જાગૃત નાગરિકોમાં ભારે રોષ છે. તેઓ સ્પષ્ટ શબ્દોમાં પૂછે છે જો કાલે સર્પગંગા તળાવમાં કોઈ મોટી દુર્ઘટના સર્જાય, તો એની જવાબદારી કોણ લેશે? તંત્ર કે બોટ સંચાલકો ?સાપુતારા જેવું લોકપ્રિય પર્યટન સ્થળ આજે બેદરકારીનું કેન્દ્ર બની રહ્યું છે, જે પ્રવાસીઓ માટે જીવલેણ સાબિત થઈ શકે છે. દરેક બોટમાં લાઈફ જેકેટ ફરજિયાત આપવું, સ્થળ પર સતત દેખરેખ અને નિયંત્રણ વ્યવસ્થા હોવી જોઈએ, અંધારામાં બોટિંગ બંધ કરવું જેવા કડક નિયમોનો અમલ કરવો જોઈએ. હાલમાં વહીવટી તંત્રની માર્ગદર્શિકાને ધોળીને પી જનાર બેદરકાર બોટ સંચાલકો સામે તાત્કાલિક કડક કાર્યવાહી જરૂરી બની છે.

સુબિરમાં ભીષણ આગમાં મકાન બળીને ખાખ

ગિરીશ ભોયે

- સાપુતારાઃ ડાંગ જિલ્લાનાં સુબિર ગ્રુપ ગ્રામ પંચાયતના વોર્ડ નં. ૮ (નિશાળ ફળિયા) ખાતે રહેતા જમણીબેન માલુભાઈ ચૌધરીનાં મકાનમાં આજે અચાનક ભયાનક આગ લાગતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં આદિવાસી પરિવારની ઘરવખરી સહિત આખું મકાન બળીને ખાખ થઈ ગયું હતું. ઘટનાની જાણ થતાં જ ડાંગ જિલ્લા ભારત આદિવાસી સંવિધાન સેનાના પ્રમુખ નિલેશભાઈ એસ. ઝાંબરે સહિત સુબિર ગામનાં સરપંચ સોમનાથભાઈ કાગડે તથા અન્ય સ્થાનિક આગેવાનો તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયા હતા અને અસરગ્રસ્ત પરિવારને સહાય માટે ભરોસો આપ્યો હતો. અહીં સુબિર ગામનાં સરપંચ સોમનાથભાઈ કાગડેએ તાલુકા વિકાસ અધિકારી સુબિરને જાણ કરી નુકસાનનું પંચનામું કરવાની પ્રક્રિયા શરૂ કરાવી છે. સાથે જ નિલેશભાઈ ઝાંબરેએ રાજ્ય સરકાર પાસે અસરગ્રસ્ત પરિવારને તાત્કાલિક રોકડ સહાય તથા મકાન સહાય પૂરી પાડવાની માંગ ઉઠાવી છે.

વાંસદામાં ગેરકાયદે સરવે મુદ્દે કોંગ્રેસની વિશાળ રેલી નીકળી

સરવે બંધ નહીં કરવામાં આવે તો આંદોલન ઉગ્ર બનશેઃ ધારાસભ્ય અનંત પટેલ

વાંસદાઃ વાંસદા તાલુકામાં છેલ્લા ઘણા સમયથી ચાલતા ગેરકાયદે સરવેના મુદ્દે તાલુકા કોંગ્રેસ દ્વારા ધારાસભ્ય અનંત પટેલની આગેવાની હેઠળ વિશાળ રેલી યોજાઈ હતી, જે મેઈન બજારથી મામલદાર કચેરીએ પહોંચી હતી.

રેલીમાં મોટી સંખ્યામાં કોંગ્રેસના આગેવાનો, કાર્યકરો અને ગ્રામજનોએ ભેગા થઈને વિરોધનો શંખનાદ કર્યો હતો. હાથમાં બેનરો અને પ્લેકાર્ડ સાથે લોકોએ ગેરકાયદે સરવે વિરુદ્ધ જોરદાર નારા લગાવતા શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થયા હતા. સમગ્ર વિસ્તાર 'સરવે બંધ કરો', 'ખેડૂતોને ન્યાય આપો' જેવા નારાઓથી ગુંજી ઉઠ્યો હતો. રેલી મામલતદાર કચેરીએ પહોંચતા જ તંગદિલીનો માહોલ સર્જાયો હતો. ધારાસભ્ય અનંતભાઈ પટેલે તીખા શબ્દોમાં પ્રશાસન પર પ્રહાર કરતા જણાવ્યું હતું કે, ગેરકાયદે રીતે થતો આ સરવે સીધો ખેડૂતોના હકો પર હુમલો છે. આ પ્રકારની કાર્યવાહી બિલકુલ સહન કરવામાં આવશે નહીં. આગળ તેમણે ચેતવણી આપતા જણાવ્યું હતું કે જો તાત્કાલિક અસરથી આ સરવે બંધ નહીં કરવામાં આવે તો કોંગ્રેસ વધુ ઉગ્ર આંદોલન કરશે અને તેની સંપૂર્ણ જવાબદારી પ્રશાસનની રહેશે. પ્રતિનિધિ મંડળ દ્વારા મામલતદારને આવેદનપત્ર પાઠવી ગેરકાયદે સરવેને તરત જ રદ કરવાની માંગ ઉઠાવવામાં આવી હતી. સાથે જ પારદર્શક અને કાયદેસર પ્રક્રિયા અપનાવવા માટે પણ ભાર મુકાયો હતો. હવે આવનારા દિવસોમાં આ મુદ્દે શું પગલાં લેવાશે તે જોવું રહ્યું.

પડતર માંગણીને લઈ પેન્શનધારકોની સાંસદ, પુરવઠા અધિકારીને રજૂઆત

વર્ષોથી પેન્શનમાં વધારાની માંગ કરી રહેલા વલસાડના નિવૃત્ત કર્મચારીઓમાં સરકાર પ્રત્યે રોષ

વલસાડ : વલસાડ જિલ્લાના EPS-95 પેન્શનધારકોએ આજે પોતાની પડતર માંગણીઓને લઈને વલસાડ જિલ્લા પુરવઠા અધિકારી (DSO) દિપક બારિયા અને સાંસદ ધવલ પટેલને આવેદનપત્ર પાઠવી ઉગ્ર રજૂઆત કરી હતી. વર્ષોથી પેન્શનમાં વધારાની માંગ કરી રહેલા આ નિવૃત્ત કર્મચારીઓએ સરકાર પ્રત્યે પોતાનો રોષ વ્યક્ત કર્યો હતો.

વલસાડ જિલ્લાના નિવૃત્ત કર્મચારીઓએ આખી જિંદગી ST નિગમ, GEB, જીઆઈડીસી જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓના વિકાસમાં ખર્ચી નાખી. પરંતુ નિવૃત્તિ બાદ તેમને મળતું પેન્શન સાવ નજીવું છે. હાલમાં ઘણા પેન્શનધારકોને માત્ર ૧૦૦૦ થી ૨૫૦૦ રૂપિયા જેટલું જ પેન્શન મળી રહ્યું છે. આજના મોંઘવારીના જમાનામાં આટલી રકમમાં ઘર ચલાવવું કે દવાઓ લેવી અશક્ય છે. જેને લઈને લઘુત્તમ પેન્શન ૭,૫૦૦ રૂપિયા કરવામાં આવે અને તેની સાથે મોંઘવારી ભથ્થું પણ ઉમેરવામાં આવે સાથે ૪ નવેમ્બર ૨૦૨૨ના રોજ સુપ્રીમ કોર્ટે આપેલા ચુકાદાના અમલની છે. હાયર પેન્શનના મુદ્દે કોર્ટના આદેશ છતાં હજુ સુધી તેનો અમલ ન થતા નિવૃત્ત કર્મચારીઓમાં ભારે રોષ છે. સાથે જ, નિવૃત્ત પતિ-પત્ની બંનેને આજીવન નિઃશુલ્ક મેડિકલ સુવિધા મળે તેવી પણ રજૂઆત કરવામાં આવી છે. આ લડત માત્ર પૈસાની નથી, પણ સન્માન સાથે જીવવાની છે. મંડળના જણાવ્યા મુજબ, દર મહિને અનેક પેન્શનધારકો આર્થિક તંગી અને સારવારના અભાવે દમ તોડી રહ્યા છે. જેમને ૧,૦૦૦થી પણ ઓછું પેન્શન મળે છે, તેમને માનવીય અભિગમ રાખી તાત્કાલિક ૫,૦૦૦ રૂપિયા સુધીની રકમ આપવા સરકારને અપીલ કરાઈ છે. વલસાડ જિલ્લા પુરવઠા અધિકારી દિપક બારિયા અને સાંસદ ધવલ પટેલ સમક્ષ આ તમામ મુદ્દે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. સાંસદ દ્વારા ખાતરી આપવામાં આવી છે કે તેઓ આ ગંભીર પ્રશ્નને કેન્દ્ર સરકાર અને મુખ્યમંત્રી સુધી પહોંચાડશે.

ધરમપુરમાંથી શંકાસ્પદ ગાંજાના છોડ મળ્યા

ધરમપુર : ધરમપુર પોલીસે બોપી વિસ્તારમાં એક શખ્સ ગાંજો વેચાણ કરતો હોવાની માહિતી મેળવી તપાસ હાથ ધરી હતી. જેમાં ઈસમ પોતાના ઘર નજીકના ખેતરમાં ગાંજાનું વાવેતર કરતો હોવાની શંકા વ્યક્ત થતાં પોલીસ સ્થળ પર પહોંચી હતી. પીઆઇ એન. ઝેડ. ભોયાના માર્ગદર્શન હેઠળ પોલીસ, પંચો અને વીડિયોગ્રાફર સાથે હનમાતમાળ રોડ નજીક તપાસ હાથ ધરી હતી. એફ.એસ.એલ.ના ઓફિસર તેમજ સ્થાનિકોની હાજરીમાં ઘરની તલાશી લેતા વાંધાજનક સામગ્રી મળી આવી નહોતી. ત્યારબાદ ઘરની પાછળના ખેતરમાં તપાસ કરતા શંકાસ્પદ વનસ્પતિના નાના છોડ જોવા મળ્યા હતાં. કેટલાક છોડ મરચા જેવા અને કેટલાક ગાંજાના છોડ જેવી રચનાવાળા જણાતા હતાં. એફ.એસ.એલ. ટીમે પરીક્ષણ કરતા નકારાત્મક પરિણામ મળ્યું હતું. એફ.એસ.એલ. અધિકારીએ જણાવ્યું હતું કે, આ છોડ ગાંજાના છે કે નહીં તે અંગે અંતિમ પુષ્ટિ માટે ગાંધીનગર સ્થિત પ્રયોગશાળામાં વિગતવાર તપાસ જરૂરી છે. પોલીસે કુલ 17 શંકાસ્પદ છોડ માટી સાથે કબ્જે કરી નમૂનાઓ સીલ કરી એફ.એસ.એલ. તપાસ માટે મોકલવાની કાર્યવાહી હાથ ધરી છે. આ મામલે પોલીસે આગળની તપાસ શરૂ કરી છે.

'એકને તો પૂરો કર્યો છે, હવે આખા પરિવારનો વારો છે'

વાપીમાં પેરોલ પર છૂટી હત્યારાની સોશિયલ મીડિયા સ્ટેટસ શેર કરી પરિવારને મારી નાંખવાની ધમકી

વાપી : વાપી જીઆઈડીસી વિસ્તારમાં વર્ષ 2021માં થયેલી સલમાન નામના યુવકની હત્યાનો આરોપી સઈદ ઉર્ફે ઈક્તિખાર મોહમ્મદ અનવર શેખ હાલ પેરોલ પર જેલની બહાર આવ્યો છે. જેલમુક્ત થતાની સાથે જ આરોપીએ જૂની અદાવત રાખીને મૃતકના પરિવારજનોને જાનથી મારી નાખવાની ધમકીઓ આપવાનું શરૂ કર્યું છે.

ફરિયાદી યાસીદ અહમદના જણાવ્યા મુજબ, આરોપી સઈદ તેના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ જેવા કે ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ પર 'બદલો લેવા' સંબંધિત ગીતો અને ઉશ્કેરણીજનક સ્ટેટસ શેર કરી રહ્યો છે. તેણે સ્ટેટસમાં સ્પષ્ટપણે ઉલ્લેખ કર્યો છે કે, એકને તો પૂરો કર્યો છે, હવે આખા પરિવારનો વારો છે. આ ઉપરાંત, ફરિયાદીના સર્વિસ સ્ટેશન પાસેથી પસાર થતી વખતે આરોપીએ ઈશારાથી પણ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

આરોપીની આ હરકતોથી ચણોદ કોલોની અને જીઆઈડીસી વિસ્તારમાં ફરી ભયનો માહોલ વ્યાપ્યો છે. પોતાની અને પરિવારની સુરક્ષાને ધ્યાને રાખી યાસીદ અહમદે ૨૬ માર્ચ ૨૦૨૬ના રોજ ડુંગરા પોલીસ મથકે તેમજ વાપી DYSP બી.એન. દવેને લેખિતમાં ફરિયાદ સોંપી કડક કાર્યવાહીની માંગ કરી છે.

સંજાણમાં લાકડા અને ધોકા વડે મારામારીનો વિડીયો વાયરલ થતા ફરિયાદ

ઉમરગામ : ઉમરગામ તાલુકાના સંજાણ ઝુપડપટ્ટીમાં લાકડા અને ધોકા વડે મારામારીનો વિડીયો વાયરલ થતા ચકચાર મચી ગઈ હતી. ઉમરગામ પોલીસ પણ હરકતમાં આવી હતી અને ત્યારબાદ આ બનાવ અંગે મારામારી કરનાર બે પક્ષોએ સામ સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે. રમતા રમતા એક બાળકની મસ્તી મઝાકમાં ચઢી ઉતારી દેવા જેવી સામાન્ય બાબતે છુટા હાથની મારામારી થઈ હતી. હાલ તો ઉમરગામ પોલીસમા બંને પક્ષો દ્વારા નોંધાયેલી ફરિયાદના આધારે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

વાપીના ઉદ્યોગોને અપાતા પાણીના દરમાં સતત ત્રીજા વર્ષે ઘટાડો

આ વર્ષે રૂપિયા ૨ પ્રતિ કિ.લિ ઓછા કરવામાં આવ્યા, રૂપિયા ૧૮ પ્રતિ કિ.લિ ત્રણ વર્ષમાં ઓછા કરવામાં આવ્યા

વાપી : વાપી નોટીફાઈડ ઓથોરીટી બોર્ડના સંચાલક મંડળની શુક્રવારે મળેલી સભામાં સતત ત્રીજા વર્ષે ઉદ્યોગોને અપાતા પાણીના દરમાં ઘટાડો કર્યો છે. વાપી નોટીફાઈડ ઓથોરીટી બોર્ડનું વર્ષ ૨૦૨૬-૨૦૨૭ માટે વિવિધ પ્રજાલક્ષી અને વિકાસના કામો માટે કુલ રૂપિયા ૧૦૩.૫૭ કરોડનું બજેટ મંજૂર કરવામાં આવ્યું હતું.

વાપી નોટીફાઈડ એરીયા સંચાલક મંડળની સભા શુક્રવારે યોજાઈ હતી. આ મહત્વની બેઠકમાં વાપી નોટીફાઈડ ઓથોરીટીના અધ્યક્ષ મગનભાઈ સાવલિયા, યોગેશભાઈ કાબરિયા, વી.આઈ.એ. પ્રમુખ સતીશભાઈ પટેલ, યુ.પી.એલ. ના દિનેશચંદ્ર પાટીલ, મુખ્ય અધિકારી મહેશ કોઠારી, જીઆઈડીસીના અધિકારી ડી. બી. સગર અને રહેણાંક વિસ્તાર તરફથી સભ્ય રાજુલભાઈ શાહ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

ઔદ્યોગિક એકમો માટે રાહતના સમાચાર આપતા કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈના પ્રયાસોથી સિંચાઈ વિભાગનો વોટર સેઝ ૧૦% માંથી ૩% કરવામાં આવ્યો છે. જેનો આખા ગુજરાતના ઔદ્યોગિક વિસ્તારને ફાયદો થયો છે. એના ભાગરૂપે છેલ્લા ત્રણ વર્ષમાં પાણીના રેટમાં રૂપિયા ૧૬ પ્રતિ કિ.લિ (K.L) ઓછા કરવામાં આવ્યા અને આ વર્ષે રૂપિયા ૨ પ્રતિ કિ.લિ (K.L) ઓછા કરવામાં આવ્યા.

આમ રૂપિયા ૧૮ પ્રતિ કિ.લિ (K.L) ત્રણ વર્ષમાં ઓછા કરવામાં આવ્યા. આ સુધારાને ધ્યાને રાખીને નોટીફાઈડ એરીયા ઓથોરીટી દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ માટે પાણીનો નવો દર રૂપિયા ૪૯.૫૦ પ્રતિ કિ.લિ (K.L) નક્કી કરવામાં આવ્યો છે. વધુમાં, ડ્રેનેજ રેટમાં કોઈ વધારો કરવામાં આવ્યો નથી.

આ ઉપરાંત હાલમાં ચાલુ વિકાસના કામોને ઝડપથી પૂર્ણ કરવા માટે સુચન કરવામાં આવ્યું હતું. સાથે વાપી નોટીફાઈડ એરિયા ઓથોરીટીને સ્વચ્છ અને હરિયાળું બનાવવા ખાસ બજેટમાં જોગવાઈ કરવામાં આવી હતી. વાપી નોટીફાઈડ ઓથોરીટી બોર્ડના સંચાલક મંડળની સભામાં ઉદ્યોગોને અપાતા પાણીના દરમાં ઘટાડો કરવામાં આવ્યો છે.

M. B. Gohil Institute of Medical Science and Research Center, Navsari

College of Physiotherapy

Address: Post Box No. 68, Mithila Nagari, Rustamwadi Road, Near Ramaben Hospital, Navsari. Phone: 93288 21097 Email: Info@mbgohilphysiocollege.com

REQUIRED

Sr. No.	Post	No.of Vacancy	Qualification
1	Principal	01	M.P.T. (Ph.D)
2	Professor	02	M.P.T. (Ph.D Desirable)
3	Associate Professor	04	M.P.T. (Ph.D Desirable)
4	Assistant Professor	02	M.P.T. (Neuro Sciences/ Musculoskeletal/ Cardio puluonary)
5	Librarian (Fourth attempt)	01	M.Lib/NET/SET/Ph.D.

Pay scale, and service conditions are as per norms of UGC Regulations 2018 and VNSGU, Surat. Interested candidates should apply with their detailed Curriculum Vitae, photographs, attested certificates, mark sheets, and testimonials within 10 days from the date of publication of this advertisement.

Applications should be sent via Registered Post/Speed Post or Courior, addressed to the Secretary, M. B. Gohil Institute of Medical Science and Research Center, Navsari.

Date : 28-03-2026 Secretary

વેચાણ અંગેની જાહેર નોટીશ

જત હમારા અસીલશ્રીની સુચના અને ફરમાઈશ થયેથી જણાવવાનું કે :- જી.નવસારી, તા.જલાલપોરના મોજે સીમળગામ ગામના ખાતા નં.૧૯૪ ના જુનો બ્લોક/સર્વે નં.૨૨૪, નવા બ્લોક/સર્વે નં.૨૭૮, ક્ષેત્રફળ ૦-૨૮-૩૭ હે.આરે.ચો.મી., આકાર રૂા.૬.૧૫ પૈસા વાળી ખેતીની જમીન તેના હાલના રેકર્ડ માલિક રમણભાઈ મંગુભાઈ, દર્શનાબેન રાકેશભાઈ પટેલની વિધવા, હંસાબેન રમણભાઈ પટેલ, પિન્કેશકુમાર રમણભાઈ પટેલ, દર્શનાબેન રમણભાઈ પટેલ તે અલ્પેશભાઈ પટેલની પત્નીનાઓ સંયુક્ત રીતે પોતે માલિક-મુખત્યાર હોવાનું જણાવી સદર ઉપર જણાવેલી જમીન હમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. તેમજ વેચાણ દસ્તાવેજને લગતી કાર્યવાહી ટૂંક સમયમાં કરી લેનાર છે આથી આ જાહેર નોટીસથી લાગતા-વળગતા તમામને જણાવવાનું કે ઉપરોક્ત મિલકત અન્યયે કોઈનો કોઈપણ જાતનો લાગ-ભાગ, હક્ક-હિત-હિસ્સો ચાલી આવેલ હોય તો તે અંગેના લેખિત પુરાવા સહિત દિન-૧૦ (દસ) માં હમોને નીચે દર્શાવેલ સરનામે જાણ કરવી. મુદત દરમ્યાન આવી જાણ કરવામાં આવશે નહીં કે, ખાતરી આપવામાં આવશે નહીં તો હરકોઈનો મજકુર મિલકતમાં કોઈપણ જાતનો હક્ક-હિત-હિસ્સો, લાગ-ભાગ કે બોજો કે દર-દાવો નહીં હોવાનું અને હોય ત